


# Roshni

**Reaching Out to Serve Humanity with New Initiatives**

PRABHAT EDUCATION FOUNDATION

AUGUST 2022 | Issue No. 33 | Monthly Newsletter

# અમારા વિશે

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન સંસ્થા કે જે 2003થી અમદાવાદના વંચિતવર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો/વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે. સંસ્થા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો અને પુખ્તવયના લોકોના માનસિક અને શારીરિક પડકારોમાં મદદ કરે છે. સંસ્થા ૩ પ્રોગ્રામ દ્વારા કાર્ય કરે છે:- પ્રભાત સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકેસી દ્વારા નેટવર્કિંગ.
પ્રભાતે એક બાળક સાથે પહેલા કામ શરુ કર્યું હતું, અને આજે તેનો વિકાસ અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો, પાડોશીઓ અને સમુદાયોને સ્પર્શે છે.



જીવનની સરળ ખુશી!







## નાની સિદ્ધિઓ મોટું પરિવર્તન લાવે છે!



તમને જાણીને આનંદ થશે કે, એક પાંચ વર્ષનું સ્પેશિયલનીડ બાળક બીજા બે નોર્મલ બાળકોને તેઓની ભુલાઈ ગયેલી સ્કૂલબેગ પરત આપવા જાય! જી હા, આ મહિને હું એ જ નાના બાળક ઇંદ્રજીતસિંહની વાત લઈને આવી છું. એ નાના ઇંદ્રજીતસિંહે આજથી પાંચ મહિના પહેલા પ્રભાત સંસ્થામાં અર્લી ઈન્ટરવેન્શનના ક્લાસમાં એડમિસન લીધું હતું. ઇંદ્રજીતસિંહ માઈલ્ડ મેન્ટલ રીટાર્ડેસન અને ડાઉન સિન્ડ્રોમ વિકલાંગતા ધરાવે છે, તે ઉપરાંત તેને બિહેવીયર પ્રોબ્લેમ પણ છે. સંસ્થામાં તેના દરેક અસેસમેન્ટ કરવામાં આવ્યા અને તે દરમ્યાન જાણવા મળ્યું કે બાળક ફક્ત લીકવીડ ખોરાક જ લેતો હતો. ધીમે-ધીમે બાળક સાથે હું અને બીજા સ્પેશિયલ એજ્યુકેટર પ્રવૃત્તિમાં લાગ્યા. તેને ફિઝિયોથેરાપી, એકેડેમિક એક્ટીવીટી, પ્લે-થેરાપી, રમત-ગમત, સ્પીચ-થેરાપી જેવી એક્ટીવીટી કરાવવાની શરૂઆત થઈ. ઇંદ્રજીતસિંહની મમ્મીનું પણ કાઉન્સેલીંગ કરવામાં આવ્યું.  સમય જતાં તે મોટા-નાના દરેક બાળકો સાથે હળી-મળીને બેસતાં શીખ્યો અને સાથે બેસીને રોટલી, શાક, દાળ-ભાત વગેરે જમતા થઇ ગયો.



આ મહિને ઇંદ્રજીતસિંહના ઘરે રિવરસાઇડ સ્કૂલના બાળકો અને શિક્ષકો દ્વારા બડી-ઈન્ટરેક્સન પ્રોગ્રામના ભાગરૂપે વિઝીટ લેવામાં આવી, ત્યારે આ બાળક એટલો ઉત્સાહી બનીને પોતાનું ઘર, પોતાની સ્કૂલબેગ, રમકડાં, અને હીંચકો વગેરે બતાવવા લાગ્યો. તે પછી પોતે હીંચકા પર બેસીને ઈશારાથી બધા વાત કરતા રમકડાં સાથે રમવા લાગ્યો. ત્યારબાદ મેં તેના મમ્મી તથા રિવરસાઈડના શિક્ષકો અને બાળકો સાથે ઇંદ્રજીતસિંહની દિવસ દરમ્યાનની પ્રવૃત્તિ અંગેની ચર્ચા કરી. થોડીવાર પછી રિવરસાઈડના બાળકો અને શિક્ષકો તેના ઘરેથી દાણીલીમડા સેન્ટર પર જવા નીકળ્યા ત્યારે બે બાળકો પોતાની સ્કૂલબેગને ત્યાંજ સોફા પર ભૂલીને નીકળી ગયા. તે સ્કૂલબેગ પર ઇંદ્રજીતસિંહનું ધ્યાન પડતાં તેની મમ્મીને કહેવા લાગ્યો, "હું આ સ્કૂલબેગ તેમને આપીને આવું." તરત જ સ્કૂલબેગ માંડ-માંડ ઉપાડીને તે બે બાળકોને આપવા ગયો. આ દ્રશ્ય જોઈને હું અને બીજા શિક્ષકો તો આશ્ચર્યચકિત થઇ ગયા. પછી તેના મોઢા પર જે સંતોષની ખુશી દેખાઈ તે જોઈને તેના પર મને ગર્વની અનુભૂતિ  થઈ! રિવરસાઈડના તે બે સ્ટુડન્ટ્સે ઇંદ્રજીતસિંહને 'થેન્ક યુ' કીધું અને સ્માઈલ આપી, અને અમે સેન્ટર પર જવા નીકળ્યા. આ અનુભવ પરથી મને ખુશી થઈ કે મારા આ નાના સ્પે.નીડ સ્ટુડન્ટ પણ નિઃસ્વાર્થ અને લાગણીશીલ સ્વભાવ ધરાવે છે. તે દિવસ હું બહુ જ ખુશી અનુભવી રહી હતી.



પોતાના બાળકમાં આટલું હકારાત્મક પરિવર્તન જોઈને તેની મમ્મી ખુબ જ ખુશ છે, અને પ્રભાત સંસ્થાનો ખુબ આભાર માને છે! (નામ બદલેલ છે.)

-Rinal Solanki
Special Educator

## જન્મદિવસની શુભેચ્છાઓ!

"બાર બાર દિન યે આયે, તુમ જીઓ
હજારો સાલ, સાલ કે દિન હો હજાર
હેપ્પી બર્થ ડે ટૂ યુ,
હેપ્પી બર્થ ડે ટૂ યુ."
પ્રભાત ટીમની જન્મદિન નિમિત્તે ખૂબ-ખૂબ શુભેચ્છા!



07-Sep, કાશ્મીરાબેન

**કેપેસીટી બિલ્ડીંગ વર્કશોપ:-** ઈન્કલુઝીવ એજ્યુકેશન એક્સપર્ટ માલા અરોરા સાથે સંસ્થાની ટીમ માટે કેપેસીટી બિલ્ડીંગ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું. આ સેશનમાં ઈન્કલુઝીવ એજ્યુકશનને ભારતમાં અને વૈશ્વિક સ્તરે કેવી રીતે જોવામાં આવે છે તે દ્રષ્ટિકોણ પર ચર્ચા કરવામાં આવી હતી. આરોગ્યપ્રદ ખોરાક અને રોજિંદા રસોડાની વસ્તુઓ દ્વારા કેવી રીતે સાધારણ સ્વાસ્થ્ય બિમારીઓનું નિરાકરણ લાવી શકાય છે તેના પર વૈદ્ય અખિલેશ દ્વારા કેપેસીટી બિલ્ડિંગનો બીજો એક મનોરંજક સેશન પણ  યોજવામાં આવ્યો હતો. એકથી બીજામાં ફેલાતા વાયરલ ફ્લૂની આ સીઝનમાં રોગપ્રતિકારક શક્તિ કેળવવી જરૂરી છે અને તે પણ પોતાના રસોડાની વસ્તુઓથી આ હેતુથી સેશન યોજાયો હતો.

**ઈન્ટર્નશીપ:-** પ્રભાત સંસ્થા ભાગ્યશાળી છે કારણ કે, સંસ્થાને ઈન્ટર્ન અને સ્વયંસેવકો નિયમીત રીતે મળી રહેતા હોય છે. આ મહિને કમ્પોઝીટ રિજનલ સેન્ટર (CRC), અમદાવાદના 15 વિધાર્થીઓ કે જેઓ સ્પેશિયલ એજ્યુકેશનમાં ડિપ્લોમાનો અભ્યાસ કરી રહ્યા છે, તેઓ સંસ્થા સાથે ઈન્ટર્ન તરીકે જોડાયા છે. સંસ્થા શરૂઆતના થોડા સમયમાં પોતાના ઈન્ટર્ન અને સ્વયંસેવકોને ફિલ્ડ લેવલનો અનુભવ, વિધાર્થીઓને દિવ્યાંગ બાળકો સાથે કામ કરવાની અને પેરેન્ટ્સ તથા સમુદાયની ગતિશીલતાની સમજ કેળવવામાં મદદ કરે છે. C.R.C. ઈન્સ્ટીટ્યૂટ હંમેશા સંસ્થાના કાર્યમાં સહાયક બની છે અને તેને ઉલ્લેખ કર્યો છે કે આજે પ્રભાત સંસ્થા વિવિધ વિદ્યાશાખાના સ્ટુડન્ટ્સ માટે લર્નિંગ લેબ બની છે.

**સન્માન સમારોહ:-** સંસ્થા હંમેશાથી તેની ટીમની પ્રશંસા કરતી આવી છે. જયારે આ પ્રશંસા બહારના લોકો કરે છે, ત્યારે તેનો આનંદ બેવડો થઈ જતો હોય છે. આ મહિને સંસ્થાના વરિષ્ઠ ફિલ્ડ કોર્ડીનેટર કિરણ પરમારને વિકલાંગતાના ક્ષેત્રમાં તેમના સમર્પણ અને કાર્ય માટે સન્માનિત કરવામાં આવ્યા હતા. સંસ્થાના ફિલ્ડ લેવલના કામ માટે કિરણભાઈ એક મજબૂત ટેકો સાબિત થાય છે. સંસ્થાને તેમની સિદ્દિઓ પર ખૂબ ગર્વ છે.

**ડિસેબિલિટી એક્ટના લૉની સમજણ:-** અમદાવાદની L.J. school of lawના 12 વિધાર્થીઓએ સફળતાપૂર્વક પ્રભાત સંસ્થામાં તેમની ઈન્ટરશીપ પૂર્ણ કરી હતી અને ટીમ સાથે તેમનું કાર્ય રજુ કર્યું. તેમના કાર્યમાં નવા ડીસેબિલિટી એક્ટ, 2016ને સરળ અને સહેલું બનાવવાનો સમાવેશ થાય છે. તેઓએ ફિલ્ડની મુલાકાત લીધી અને સંસ્થાની કોમ્યુનિટીની સમજણ કેળવીને તેમને લાગુ પડતાં સબંધિત કાયદાઓ પસંદ કર્યા અને તેના માટેનું મટીરીયલ તૈયાર કર્યું:
(https://www.youtube.com/watch?v=Lbv_nHPJygo)
(https://prabhateducationfoundation.org/wp-content/uploads/2022/09/Rights-simplified.pdf )

**સ્વતંત્રતા દિવસની ઉજવણી:** હાસ્ય, મ્યુઝિક અને ડાન્સ દ્વારા સ્વતંત્રતાની ઉજવણીથી શ્રેષ્ઠ બીજી ઉજવણી હોઈ જ ના શકે! સંસ્થાના વિધાર્થીઓ સાથે કંઈક આવી જ રીતે સ્વતંત્રતાની ઉજવણી કરાવવામાં આવી હતી. 'અપ્રોચ' સંસ્થાનો આભાર માનીએ છીએ, કે તેમણે રમતો, સંગીત, ડાન્સ અને બીજી અનેક એક્ટીવીટીથી ભરપૂર એક અદ્ભૂત "સ્ટ્રીટ સ્માર્ટ" ઈવેન્ટનું સ્વતંત્રતા દિવસ પર આયોજન કર્યું હતું. પ્રભાત સંસ્થાના બાળકોએ આ ઈવેન્ટમાં ભાગ લઈ ઉત્સાહથી ઉજવણી કરી હતી.

**તહેવારોની ઉજવણી:** ઓગસ્ટ મહિનો આવે એટલે આપણે બધા ખૂબ ઉત્સાહી હોઈએ છે અલગ-અલગ તહેવારોની ઉજવણી માટે. રક્ષાબંધન, જન્માષ્ટમી તથા ગણેશ-ચતુર્થી જેવા તહેવારોની ઉજવણી સંસ્થામાં બાળકો સાથે કરવામાં આવી. આવા તહેવારોની તકનો લાભ લઈને માત્ર બાળકોને જ નહીં પરંતુ માતા-પિતા અને સમુદાયને પણ કેટલાક મૂલ્યવાન બોધપાઠ સમજાવવામાં આવતા હોય છે.

**સાયકોલોજીકલ તાલીમ આંગણવાડી કાર્યકરો માટે:-** પ્રભાત સંસ્થા સ્થાનિક આંગણવાડીઓ સાથે મળીને કામગીરી કરી રહી છે અને આંગણવાડી કાર્યકરોની વિકલાંગ બાળકોને ઓળખવા માટેની ક્ષમતાઓનું નિર્માણ કરે છે. આ માર્ગ તરફ, સંસ્થા દ્વારા ડો. કિલ્લોલ બ્રહ્મભટ્ટ સાથે નાના બાળકોમાં બિહેવીયર સમસ્યાઓની ઓળખ કરવા અને તેનો સામનો કરવા માટે સાયકોલોજીકલ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં આશરે 70 જેટલી આંગણવાડી કાર્યકર બહેનોએ ભાગ લીધો હતો.

**સાંસ્કૃતિક પ્રોગ્રામ:-** 'આર્ટ(કળા) દ્વારા લર્નિંગ' એ કોન્સેપટ પર પ્રભાત સંસ્થા કામ કરતી આવી છે. આ મહિને પ્રભાત સંસ્થા દ્વારા 'Spicmacay' ના સહયોગથી બાળકો અને પેરેન્ટ્સ માટે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકોની હાજરી રહી હતી. સંસ્થાને શ્રીમતી રાની ખનમનને મળવાનું સૌભાગ્ય મળ્યું, કે જેઓ ભારતના અગ્રણી કથ્થક કલાકાર છે. શ્રીમતી રાની શાસ્ત્રીય નૃત્યનો ઉપયોગ કરીને સામાજિક મુદ્દાઓને સંબોધવા અને વિસ્તૃત કરવા માટે જાણીતી છે. દિવ્યાંગ લોકો પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાએ તેમની નૃત્યની દુનિયાને વિસ્તારી છે. શ્રીમતી રાની સાથે આ કાર્યક્રમમાં ગાયક અને સારંગીવાદક શુહેબહસન તથા અજિતકુમાર તબલાવાદકે સાથ આપ્યો હતો. શ્રીમતી રાની ખનમન બાળકો અને પેરેન્ટ્સને મળવા અને તેમની સાથે વાતચીત કરવા માટે ઉત્સાહિત હતા.


કિરણભાઈનું એવોર્ડથી સન્માન


બાળકોની સેન્ટરમાં એક્ટીવીટી



સાંસ્કૃતિક પ્રોગ્રામ

# ફોટો-ગેલેરી



પેરેન્ટ્સ મીટીંગ



C.R.C. ના વિદ્યાર્થીઓ દ્વારા સંસ્થાના બાળકોને એક્ટીવીટી



રક્ષાબંધન સેલીબ્રેશન



ડ્રોઈંગ એક્ટીવીટી



કેપેસીટી બિલ્ડીંગ વર્કશોપ



સ્માર્ટ સ્ટ્રીટ



'ઈન્ક્લુઝીવ એજ્યુકેશન એક્સપર્ટ' માલા અરોરા દ્વારા પ્રેસન્ટેસન



'વિપ્રો' સાથેની ત્રિમાસિક મીટીંગ




સાયકોલોજીકલ ટ્રેનિંગ

**PRABHAT EDUCATION FOUNDATION**
A-4, Sujal Apartment,
Opp. Satellite Bungalows,
Ramdevnagar,
Ahmedabad-380015.

**Phone:** +91 - 79 - 4890-3054;
**Mobile:** +91 9825009427
**Email:** prabhat@prabhatedu.org
**Website:** www.prabhateducationfoundation.org